**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૮/૦૨/૨૦૧૭ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૩૯/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૨૬૮ લીટર દેશી દારૂ, ૧૦૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૧ ઓટોરીક્ષા કબજે કરી હતી.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૪૦/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી અને વિશ્વાસઘાત :-** **સમાચાર યાદી નં.૩૪૧/૧૭**

**વાડજ** : રાજેશભાઈ ગોપીચંદ કારીયા (રહે, વૃંદાવન બંગલો વિ-૨, કોપર સ્ટોરની પાછળ, બાગબાન પાર્ટી પ્લોટની પાછળ થલતેજ) એ તા.૧૭/૨/૧૭ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સપ્ટેમ્બર-ઓક્ટોમ્બર ૨૦૧૬ થી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન જુનાવાડજ સેન્ટ લોર્ન હોટલ ખાતે આરોપી યોગેશ જાદવ આસીસ્ટન્ટ (રહે.ગ્રાઉન્ડ ફલોર નેહરૂ રોડ વકોલા ચર્ચ પાસે, સાંતા ક્રુઝ (ઈસ્ટ) મુંબઈ) તથા તેનાં સાગરીત ઇસમોએ ભેગામળી રાજેશભાઇની કંપની જી.એમ.કે.હોસ્પીટાલીટી એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી.ના નામના બદલે રોયલ ઓર્ચીડ હોટલ્સ લી.નાં નામનો ખોટો દસ્તાવેજ બનાવી, રાજેશભાઇની કંપનીના નામના ઈનવોઇસ હોસ્પીટલમાં ફેરફાર કરી, રોયલ ઓર્ચિડ ગ્રુપનાં નામનો બનાવીટી ઈનવોઈસ બનાવી સ્ટાર ઈન્ડીયા ઓફીસમાં રૂબરૂ રજુ કરી, બિઝનેશમાં મળતા તમામ પેમેન્ટને રાજેશભાઇની કંપનીનાં બેંક એકાઉન્ટને બદલે રોયલ ઓર્ચિડ ગ્રુપનાં બનાવટી દસ્તાવેજો ઉભા કરી, રાજેશભાઇની કંપનીનાં કુલ રૂપિયા ૪૭,૨૭,૯૧૨/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.ખરસાણ ચલાવે છે.

**એલીસબ્રીજ** : (૧) મનમોહનભાઇ સંપતલાલ સોની (ઉ.વ.૪૦)(રહે,શાંતાનગર એપાર્ટમેન્ટ દર્પણ છ રસ્તા પાસે નવરંગપુરા) એ તા.૧૭/૨/૧૭ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ફરીયાદ નોધાવી છે કે જુલાઇ-૨૦૧૬ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન એલીસબ્રીજ જંગલભુખ રેસ્ટોરેન્ટની પાછળ વોલસ્ટ્રીટ-૨ બીલ્ડિંગમાં આવેલ પ્રિસાઇઝ કન્સલ્ટન્સી નામની ઓફીસ ખાતે આરોપી અનિશ ઉર્ફે મનિષ શ્રીચંદ ક્રિપલાની (રહે,ભાગ્યોદય સોસાયટી, કુબેરનગર બંગલો એરીયા સરદારનગર) એ મનમોહનભાઇ તથા સાહેદોના વિદેશના વર્ક પરમીટના વિઝા અપાવવાનું કહી વિશ્વાસમાં લઇ, મનમોહનભાઇ તથા સાહેદો પાસેથી અલગ-અલગ પ્રક્રિયાની ફી પેટે કુલ રૂપીયા ૪૭,૭૦,૨૫૦/- લઇ, વિદેશના વર્ક પરમીટના વિઝા નહીં કરાવી, ઓફીસ બંધ કરી નાસી જઇ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.વસાવા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

(૨) કાંતીલાલ લક્ષ્મણભાઇ કાપડીયા (ઉ.વ.૭૫)(રહે,સીમંધરસીટી ત્રીમંદીર સંકુલ અડાલજ તા.જી.ગાંધીનગર) એ તા.૧૭/૨/૧૭ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ફરીયાદ નોધાવી છે કે એલીસબ્રીજ કેપીટલ કોમર્શીયલ સેન્ટર ખાતે આવેલ ગુપ્તા ટ્રેડર્સ નામની ઓફીસ ખાતે આરોપી મહેશભાઇ અંગનલાલ ગુપ્તા (રહે,ધનંજય ટાવર ૧૦૦ ફુટ રીંગ રોડ શ્યામલ રો હાઉસ પાસે સેટેલાઇટ) એ કાંતીલાલ પાસેથી સને-૨૦૦૯ માં ચેકથી રૂપિયા ૬,૦૦,૦૦૦/- મેળવી, તે પૈકીનાં ૧,૩૦,૦૦૦/- ચુકવી બાકી રહેતાં રૂપિયા ૪,૭૦,૦૦૦/- આજદિન સુધી નહિં ચુકવી કાંતીલાલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એસ.કંડોરિયા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૩૪૨/૧૭**

**રીવરફ્રન્ટ ઇસ્ટ** : કમલેશકુમાર મહેન્દ્રભાઇ પરમાર (રહે.અમ્રુતનગર સોસાયટી કેલીકોમીલ સામે બહેરામપુરા) એ રીવરફ્ન્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૨/૧૭ સવારનાં ૫/૨૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી રીવરફ્ન્ટ ઇસ્ટ સુભાષબ્રીજ નીચે નારણઘાટની આગળ રેલ્વેબ્રીજની પાસે કમલેશકુમારનાં નાના ભાઇ નરેન્દ્રભાઇ પોતાનું મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા ફોર વ્હીલર ચાલકે તેના કબજાની ગાડી પુરઝડપે અને બેદકારીથી ચલાવી લાવી, નરેન્દ્રભાઇનાં મોટર સાયકલને પાછળથી ટક્કર મારતાં, હાથે-પગે અને માથાના ભાગે ગંભીર ઇજાઓ થતાં, નરેન્દ્રભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રમણભાઇ ગણપતભાઇ ચલાવે છે.

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન** : રાકેશભાઇ દિનેશભાઇ ચુનારા (રહે.ઓડ ગામ, ચુનારાવાસ તા.દસ્ક્રોઇ, જી.અમદાવાદ) એ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૨/૧૭ નાં કલાક ૧૦/૧૫ વાગ્યાનાં સુમારે ઓડ ગામથી જેતલપુર ગામ જવાનાં રોડ ઉપર વચ્ચે પાણીની કિનાર પાસેથી ઓટોરીક્ષા નંબર જીજે.૨૭.વી.૩૫૦૭ નાં ચાલક આરોપીએ પોતાનાં કબજાની રીક્ષા પુરઝડપે અને બેદકારીથી ચલાવતાં, રીક્ષા પલ્ટી ખાઇ જતાં, રીક્ષામાં બેસેલ રાકેશભાઇની માતા શોભનાબહેન (ઉ.વ.૪૦) ને માથાનાં ભાગે ગંભીર ઇજાઓ થતાં, શોભનાબહેનનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એમ.ચાવડા ચલાવે છે

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૪૩/૧૭**

**બાપુનગર** : કમલેશભાઇ પરષોતમભાઇ પરમાર(ઉ.વ.૪૨)(રહે,આનંદ ફ્લેટ સ્ટેડીયમ પાછળ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૭/૨/૧૭ સાંજનાં ૫/૩૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના ઘરે ધાબાની છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવીંદભાઇ હરજીભાઇ ચલાવે છે.

**નિકોલ** : હિરલબેન હરેશભાઇ ચૌહાણ (ઉ.વ.૨૨)(રહે,દેવનંદન રેસીડન્સી, ગંગોત્રી સર્કલ પાસે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૭/૨/૧૭ નાં કલાક ૯/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એન.ચાવડા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)